## ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ ગ્રેઈન ગ્રોઅર્સ ફેડરેશન લિમિટેડ, અમદાવાદ

"હનુમંત" શ્રેયસ સોસાયટી, વાસણા બેરેજ રોડ, વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.

# બોર્ડ ઓફ ડિરેક્ટર્સના સભ્યોની યાદી : ૨૦૨૪ - ૨૦૨૫

| | |
|---|---|
| ચેરમેનશ્રી | : શ્રી નિતીનકુમાર વાડીલાલ પટેલ |
| વા. ચેરમેનશ્રી | : શ્રી પંકજભાઈ નરસિંહભાઈ પટેલ |
| ડિરેક્ટર શ્રી | : શ્રી મણીભાઈ મેઘજીભાઈ પટેલ |
| " | : શ્રી મોહનભાઈ રઈજીભાઈ ભરવાડ |
| " | : શ્રી શાંતિલાલ વશરામભાઈ પટેલ |
| " | : શ્રી હિતેન્દ્રસિંહ મદારસિંહ ગોહિલ |
| " | : શ્રી જગદેવસિંહજી ફતેસિંહજી પરિહાર |
| " | : શ્રી હેમતસંગભાઈ બાવલભાઈ પઢેરીયા |
| " | : શ્રી નવીનચંદ્ર શિવલાલ પટેલ |
| " | : શ્રી મગનભાઈ લધ્ધાભાઈ પટેલ |
| " | : શ્રી શાંતિલાલ વશરામભાઈ પટેલ |
| " | : શ્રી ભાવનાબેન જયવંતસિંહજી જાડેજા |
| " | : શ્રી વિનોદભાઈ લધ્ધાભાઈ પટેલ |
| " | : શ્રી સંદિપકુમાર બિપીનચંદ્ર પટેલ |
| " | : શ્રી બાબુભાઈ બાવનજીભાઈ નસીત |
| " | : શ્રી જયંતિભાઈ કરશનભાઈ પટેલ |
| " | : શ્રી મનહરભાઈ ખુશાલભાઈ પટેલ |
| " | : શ્રી ઉમેદભાઈ જીવાભાઈ પટેલ |
| " | : શ્રી જયંતિભાઈ કાન્તીભાઈ પટેલ |
| " | : શ્રી N.C.D.C. ગાંધીનગરના પ્રતિનિધિશ્રી |
| રાજ્ય સરકારશ્રીના પ્રતિનિધિ | { : શ્રી રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય<br>: સચિવ શ્રી (ખર્ચ), નાણાં વિભાગ, ગુજરાત રાજ્ય |
| મેનેજીંગ ડિરેક્ટર શ્રી (ઈન્ચાર્જ) | : શ્રી પ્રદ્યુમનસિંહ નરેન્દ્રસિંહ ચૌહાણ |

રજીસ્ટ્રેશન ન. સે-૪૧, તા. ૧૨-૧૨-૧૯૮૪

વર્ષ : ૨૦૨૪-૨૦૨૫
ઓડીટ વર્ગ : બાકી
સભાસદ સંખ્યા : ૯૪૧

**રજીસ્ટર્ડ ઓફીસ :**
''હનુમંત'', શ્રેયસ સોસાયટી, વાસણા બેરેજ રોડ,
વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭.
(ફોન નં. : ૦૭૯- ૨૬૬૪૨૨૬૦)

**બેંકર્સ :**
સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, વાસણા, અમદાવાદ.
બેંક ઓફ બરોડા, શારદા મંદિર શાખા, અમદાવાદ.
ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક લિ., અમદાવાદ.
અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટીવ બેન્ક લિ., આશ્રમ રોડ, અમદાવાદ.

**ઈન્ટરનલ ઓડિટર્સ :**
એસ.આર. મપારા એન્ડ કું.
૪૦૬, સત્કાર, લાલ બંગલા પાસે,
સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન : ૨૬૪૬૧૧૮૫, મો.: ૯૮૯૮૦૨૦૧૬૫

**ખાતાકિય ઓડિટર્સ :**
**સ્પેશ્યલ ઓડિટરશ્રી,**
સહકારી મંડળીઓ
અમદાવાદ.

# ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ ગ્રેઈન ગ્રોઅર્સ ફેડરેશન લિમિટેડ, અમદાવાદ

"હનુમંત" શ્રેયસ સોસાયટી, વાસણા બેરેજ રોડ, વાસણા, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.

## વાર્ષિક સાધારણ સભાની નોટીસ

ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ ગ્રેઈન ગ્રોઅર્સ ફેડરેશન લિમિટેડ, અમદાવાદના સભાસદોને આથી જણાવવામાં આવે છે કે ફેડરેશનની વર્ષ ૨૦૨૪-૨૦૨૫ની એકતાલીસમી વાર્ષિક સાધારણ સભા તા.            ને          ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે ખાતે મળશે, તેમાં હાજરી આપવા વિનંતી છે.

## કાર્યસૂચિ

૧. તા. ૨૧-૦૬-૨૦૨૪ના રોજ મળેલ ચાલીસમી વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી નોંધને બહાલી આપવા (કાર્યવાહી-નોંધ સામેલ છે.)

૨. આંતરિક ઓડિટરશ્રીએ પ્રમાણિત કરેલ અને બોર્ડ ઓફ ડિરેક્ટર્સે મંજુર કરેલ ફેડરેશનનું ૨૦૨૪-૨૦૨૫ના વર્ષનું સરવૈયુ, નફા-નુકશાન ખાતું, વેપાર ખાતું, વાર્ષિક અહેવાલ મેળવવા અને આંતરિક ઓડિટરશ્રીના રિપોર્ટની નોંધ લઈ મંજુર કરવા બાબત.

૩. ફેડરેશનના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે ભલામણ કરેલ ૨૦૨૫-૨૦૨૬ના વર્ષનું વેપારી કામગીરીનું અંદાજપત્ર મંજુર રાખવા. (અહેવાલ પાના નં. ૨૦)

૪. ૨૦૨૫-૨૦૨૬ના વર્ષ માટે, ફેડરેશનના ઈન્ટરનલ ઓડિટ માટે, આંતરિક અન્વેષકની નિમણુંક કરવા તથા તેમનું મહેનતાણું નક્કી કરવા. તેમજ જી.એસ.ટી. અને ટેક્ષ ઓડિટ માટે ઓડિટરની નીમણૂંક કરવા અને મહેનતાણું નક્કી કરવા બાબત.

૫. વર્ષ ૨૦૨૩-૨૪ના સ્ટેચ્યુટરી ઓડિટ રીપોર્ટ અને સંસ્થાએ કરેલ દુરસ્તી રીપોર્ટની નોંધ લઈ મંજુર રાખવા બાબત.

૬. પેટા કાયદામાં નક્કી કરેલ મહત્તમ મર્યાદા સુધીમાં લેવા પડતા કરજની મર્યાદા નક્કી કરવા.

૭. સભાના પ્રમુખશ્રીની મંજૂરીથી રજુ થાય તે કામો કરવા.

સ્થળ : અમદાવાદ
તા. :

બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી
**પ્રદ્યુમનસિંહ ચૌહાણ**
મેનેજીંગ ડિરેક્ટર (ઈન્ચાર્જ)

---

નોંધ :

૧. કોરમના અભાવે સભા મુલત્વી રહેશે તો તા.                    ના રોજ બપોરે ૧૨.૦૦ કલાકે તે જ સ્થળે સભા મળશે.

૨. સભાસદ મંડળીના અધિકૃત પ્રતિનિધિ જ સભામાં હાજરી આપી શકશે.

૩. જે સભાસદોને આ વર્ષના સરવૈયા તથા હિસાબો બાબતે કોઈપણ માહિતી/પુછપરછ કરવાની હોય તો આ તારીખથી સાત (૭) દિનમાં લેખીત માંગણી મોકલી આપવી. જેનો યોગ્ય જવાબ મોકલી આપવામાં આવશે. સમય મર્યાદા બાદ આવેલ માંગણી કે સાધારણ સભા દરમ્યાન માંગેલ માંગણી સ્વીકારવામાં આવશે નહી.

## બોર્ડ ઓફ ડિરેક્ટર્સનો અહેવાલ

વર્ષ : ૨૦૨૪-૨૦૨૫

ફેડરેશનની એકતાલીસમી વાર્ષિક સાધારણ સભા સમક્ષ રજુ કરવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સની
તા. ાા રોજ મળેલ સભામાં મંજુર થયેલ અહેવાલ

**સહકારી મિત્રો અને મુરબ્બીશ્રીઓ,**

ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ ગ્રેઈન ગ્રોઅર્સ ફેડરેશન લિ., અમદાવાદની, એકતાલીસમી વાર્ષિક સાધારણ સભામાં આપ સર્વેનું સ્વાગત કરીએ છીએ તથા ફેડરેશનના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ દ્વારા આંતરિક ઓડિટર્સશ્રી એ પ્રમાણિત કરેલ વર્ષ ૨૦૨૪-૨૦૨૫ નો અહેવાલ તથા હિસાબો રજુ કરવાની રજા લઈએ છીએ.

**શ્રદ્ધાંજલિ :**

**શોક સંદેશ :** સંસ્થાના સંસ્થાપક સમયના માજી ડિરેક્ટર શ્રી જશવંતસિંહજી જાડેજા સાહેબ, ભાવનગરનું દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતના આત્માને આજની સભા શ્રદ્ધાંજલિ પાઠવે છે. પહેલગામ આતંકવાદી હુમલામાં ભોગ બનેલા આપણા નાગરિકોને પણ શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવે છે.

**ઓપરેશન સિંદૂર :** આપણા દેશની ત્રણેય લશ્કરી પાંખોને ઓપરેશન સિંદૂરની સફળતા માટે ખૂબ ખૂબ અભિનંદન. માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબ ને પણ ખૂબ ખૂબ અભિનંદન પાઠવવાનું ઠરાવવામાં આવેલ છે.

**શેર ભંડોળ તથા સભ્ય સંખ્યા :**

અહેવાલના વર્ષ દરમ્યાન શેરભંડોળમાં રૂા. ૪૪૦૦૦ નો વધારો થયેલ છે. કુલ શેરભંડોળ રૂા. ૭,૧૨,૫૦૦ થયેલ છે. સભાસદ સંસ્થાઓની સંખ્યા ૯૪૧ થયેલ છે. જેમાં ૫ સભાસદોનો ઉમેરો થવા પામેલ છે.

શેરમૂડીમાં વધારો કરવા માટે નવિન સભ્યોએ સંસ્થાના ઓછામાં ઓછા ૧૫ શેર માટે અરજી કરવાની રહેશે. જ્યારે હાલના સભ્યોને વધારાના ખૂટતા શેર મેળવી લેવા માટે અપિલ કરવામાં આવે છે. જેમાં ઘણા ખરા સભ્યોએ વધારાના શેર મેળવી પણ લીધા છે. અન્યોને ખૂટતા શેર મેળવવા સારૂ પરિપત્ર દ્વારા જાણ પણ કરેલ છે.

**નાણાંકીય સ્થિતિ :**

ફેડરેશનને પૂર્વમાં એન.સી.ડી.સી. તથા રાજ્ય સરકારશ્રીનો શેરફાળો / લોન મળેલ જે આર્થિક મુશ્કેલીઓના કારણે શેરફાળો તથા લોનની અંશતઃ ચુકવણી અગાઉ કરેલ અહેવાલના વર્ષમાં આપણે લોન/ તથા ડીપોઝીટની રકમ પર વ્યાજની જોગવાઈ કરવામાં આવેલ નથી.

રાજ્ય સરકારશ્રી અને એન.સી.ડી.સી. નું લ્હેણું ભરપાઈ કરવા ફેડરેશન ચિંતિત છે. હાલ સંસ્થામાં માત્ર ૧ ટકા રાસા. ખાતરનું એલોકેશન સામે ૩૬ હજાર મે. ટન જેટલું માતબર રાસા. ખાતરનું વેચાણ તે પણ સરકારશ્રી કે અન્ય નાણાંકીય સંસ્થાઓની નાણાકીય મદદ મેળવ્યા સિવાય થવા પામેલ છે. આપણે રાસા.ખાતર તેમજ માર્કેટીંગની કામગીરી થકી રૂા.૩૫.૮૯ કરોડનું ટર્ન ઓવર કરી શકેલ છે અને રૂા.૨૧.૨૭ લાખનો ચોખ્ખો નફો કરેલ છે. જે આપણી સંસ્થાની અર્થક્ષમતાને પુરવાર કરે છે, તેમ કહીએ તો તે અસ્થાને નહીં લેખાય. સંસ્થાને બેઠી કરવા અંગે ભૂતકાળમાં સંસ્થા તરફથી વખતો વખત રાજ્ય સરકારશ્રીમાં રજુઆતો કરવામાં આવેલ. જેના અનુસંધાને તા. ૧૯-૯-૧૯૯૫ના રોજ તત્ત સમયના પૂર્વ કૃષિ અને સહકાર મંત્રીશ્રીની ચેમ્બરમાં મીટીંગ યોજવામાં આવેલ અને તેમાં સંસ્થા તરફથી ટુંકાગાળાની લોન ભરપાઈ કરવા માટે તા. ૨૮-૦૮-૧૯૯૫ના રોજ મોરેટોડીયમ દરખાસ્ત રજુ કરવામાં આવેલ. ફેડરેશનની આ રજુઆતના અનુસંધાને કૃષિ અને સહકારી વિભાગ સચિવાલય ગાંધીનગર તરફથી પૂર્વ માન. મંત્રી શ્રી કૃષિ અને સહકારની અધ્યક્ષતામાં એક ખાસ બેઠક યોજવામાં આવેલ. જેમાં આ ફેડરેશનને બેઠું કરવા માટે ટર્ન-એરાઉન્ડ સ્ટ્રેટજીમાં નીચેના મુદ્દાઓ પર ભાર

મુકવામાં આવેલ.

(૧) રાસાયણિક ખાતરની ફાળવણી ૩ થી ૫ ટકાનો વધારો કરી આપવા બાબત.

(૨) ક્રિભકો/ઈફકોના ખાતરની ફાળવણી કરી આપવા બાબત.

(૩) રૂા. ૧૫૦ લાખની કૃષિ વિભાગની ટુંકાગાળની લોનનું મોરેટોડિયમ અને રીશીડ્યુલીંગ કરી આપવા બાબત.

(૪) નાગરિક પુરવઠા નિગમ, ગાંધીનગર તરફથી મધ્યાહન ભોજન યોજના હેઠળ કરવામાં આવતી અનાજ-કઠોળની ખરીદીમાં આ ફેડરેશનને સહભાગી કરવા બાબત.

ઉપરની બાબતે મુદ્દા નં-૨ સિવાય અન્ય કોઈ કામે આગળની કાર્યવાહી કે પગલા લેવાયેલ ન હોઈ ફેડરેશનની આર્થીક નાણાંકિય પરિસ્થિતિ માં નક્કર સુધારો થાય તેમજ સરકારશ્રીનું લ્હેણું ક્રમશઃ ભરપાઈ કરી શકાય. માટે મુદ્દા નં. ૧ - ૩ અને ૪ ના અમલ કરવા રાજ્ય સરકારશ્રીને વિનંતી કરવામાં આવે છે.

રાજ્ય સરકારીશ્રી આપણી સંસ્થાને રાસા. ખાતરની ફાળવણી ૧ ટકા થી ૫ ટકા કરી આપવામાં આવે તો પણ આપણી સંસ્થા એ સરકારશ્રીને તેમના લ્હેંણા પેટે માતબર રકમ ભરપાઈ કરી શકાય. તેવી બાંહેધરી આપેલ છે.

ફેડરેશન તરફથી ભુતકાળમાં થયેલ વેપારી કામગીરી પેટે ઘણી પાર્ટીઓની બાકી રહેલ લેણી રકમ સામે, ઉપલબ્ધ આધાર પુરાવાનાં આધારે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. અને આ અંગેના કેસો, રાજયની જુદી જુદી નામદાર કોર્ટમાં હાલ ચાલી રહેલ છે.

ફેડરેશન તરફથી પણ અમુક નાણાંની અદાયગી ન થઈ શકતાં ખાનગી વેપારીઓએ તરફથી કોર્ટ કેસ થયેલ છે. તે અંગે પણ ફેડરેશન, આધાર પુરાવાની નજરે કોર્ટ કેસોનો સામનો કરી રહેલ છે.

**વહિવટ અંગે :**

અહેવાલના વર્ષમાં વહીવટી માળખામાં ફેરફાર થયેલ નથી. સ્ટાફની સંખ્યામાં વધારો નહીં કરવાનું નક્કી કરેલ હોવાથી નવીન કોઈ વધારો કરેલ નથી.

**વેપાર ખાતુ/નફાનુકશાન ખાતુ :**

આપણી સંસ્થાનું વેપારી કામકાજ વધે વધુ સભાસદ સંખ્યાઓ સંસ્થા સાથે વેપાર થકી જોડાય તે માટે આપણા પ્રયત્નો ચાલુ છે. અહેવાલના વર્ષમાં ભારત સરકારશ્રીની ભારત બ્રાન્ડ, ચણાદાળ, ઘઉંનો લોટ અને ચોખાના વિતરણનું કાર્ય નાફેડ મારફતે મેળવીને સભ્ય સંસ્થાઓ અને ટ્રસ્ટો મારફતે સારી કામગીરી કરેલ છે.

અહેવાલનાં વર્ષ દરમ્યાન રૂા.૩૯.૦૨ કરોડનો વેપારી ઉથલો થવા પામેલ છે. જ્યારે ચોખ્ખો નફો ૨૧.૨૯ લાખનો થયેલ છે. સભ્ય સહકારી મંડળીઓ તથા રાજ્ય સરકારશ્રીનો સહકાર મળી રહે તો ખાતરની તેમજ અનાજ/કઠોળની પ્રવૃત્તિ વિસ્તારી શકાય તેવા સંજોગો છે.

આર્થિક મુશ્કેલીના કારણે ફેડરેશનમાં હાલ રાસાયણિક ખાતરની ધંધાકીય પ્રવૃત્તિ સાથે ભારત સરકારશ્રીની ભારત બ્રાન્ડ જેમાં ચણાદાળ ઘઉંનો લોટ અને ચોખા સભ્ય સંસ્થાઓ અને ટ્રસ્ટો મારફતે કામગીરી ચાલુ છે.

**ખાતર વિભાગ :**

અહેવાલનાં વર્ષ દરમ્યાન રાસા. ખાતરનું વેચાણ ૩૯,૩૯૩ મે. ટન થવા પામેલ છે. જે ૬૦,૦૦૦ મેટ્રીક ટન સુધી લઈ જવાનું લક્ષ્યાંક નક્કી કરેલ છે.

**આર્મી પરચેઈઝ ઓર્ગેનાઈઝેશન :**

એ.પી.ઓ. નાં ટેન્ડરોમાં, કોઈપણ નાણાંકીય જોખમ લીધા સિવાય, ફક્ત કેશ ડિસ્કાઉન્ટથી જ કામગીરી કરવાનું નક્કી કરેલ છે. કેન્દ્ર સરકારશ્રીએ હાલમાં એ.પી.ઓ.ની કામગીરી નાફેડને સોંપેલ હોઈ હિસાબના વર્ષમાં કોઈ કામગીરી થવા પામેલ નથી.

આપણે નાફેડને રજૂઆત કરી છે તે આપણને કામકાજમાં ભાગીદાર બનાવે ખાસ M.S.P. યોજના હેઠળની ખરીદીની કામગીરી મળે માટે તે અંગેના પ્રયત્નો હાથ ધરેલ છે.

**સભ્ય સહકારી સંસ્થાઓ :**

ફેડરેશનના પાયામાં રાજ્યની સભ્ય સહકારી મંડળીઓ છે. ફેડરેશનને હાલની આર્થિક/નાણાંકીય પરિસ્થિતિઓમાંથી બહાર કાઢવા માટે સભાસદ સહકારી મંડળીઓ, જેઓ સંસ્થાના એક (૧) અથવા બે (૨) શેર ધારકો પાસેથી સંસ્થામાં ઓછામાં ઓછા ૧૫ શેર ધારણ કરવા માટેનો નિર્ણય લેવામાં આવેલ છે. તો સહકાર આપવા વિનંતી છે. તેમજ તેઓની જરૂરીયાત મુજબ રાસા. ખાતર ઓછામાં ઓછું ૧૨ મે. ટન વાર્ષિક ફેડરેશન મારફત ખરીદ કરે તેમજ અન્ય ખેત પેદાશોનું વેચાણ, ભૂતકાળમાં ફેડરેશન દ્વારા સર્વિસ ચાર્જ લઈ કરાવમાં આવતુ હતુ, તેમ પુનઃ શરૂઆત કરશે તો ફેડરેશનનો નફો ક્રમશઃ વધતો જશે અને સભ્ય મંડળીઓને પણ તેનો લાભ મળતો રહેશે. ફેડરેશનને મજબુત કરવા સભ્ય મંડળીઓ આગળ આવે તે માટે વિનંતી કરવામાં આવે છે.

અહેવાલના અભ્યાસ પરથી આપ જોઈ શકો છો કે આપણી ફર્ટીલાઈઝરની કામગીરી આપ સર્વેના સહકારથી સારી કરેલ છે. જે આવનાર સારા વર્ષોનો અણસાર છે. જેમાં આપનો સાથ અને સહકારની અપેક્ષા રાખું છું. આપણે કામગીરીનો વ્યાપ વધારી નફો રળી સરકારીશ્રીનું લ્હેણું પણ ક્રમશ ભરપાઈ કરી દેવાની નેમ છે.

**આભાર દર્શન :**

રાજ્યના ખેતીવાડી ખાતા તરફથી, ખાતરોની ફાળવણી અને અન્ય કામગીરીમાં સંપૂર્ણ સાથ સહકાર મળ્યો છે. આ માટે ગુજરાત રાજ્યનાં કૃષિ મંત્રીશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી, ખેતી નિયામકશ્રી તથા અન્ય અધિકારીશ્રીઓનાં આપણે આભારી છીએ.

રાસા. ખાતરની કામગીરીમાં જી.એસ.એફ.સી., જી. એન. એફ. સી., ઈફકો, ક્રિભકો, આઈ. પી. એલ., તરફથી સારો સાથ સહકાર મળેલ છે. જે માટે તેઓના આપણે આભારી છીએ.

અધિક મુખ્ય સચિવશ્રી (સહકાર), રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ (ગુજરાત રાજ્ય), સંયુક્ત રજીસ્ટ્રારશ્રી (માર્કેટીંગ) તથા સહકાર વિભાગના સ્ટાફ તરફથી મળેલ સહકાર બદલ આભાર માનીએ છીએ.

એન.સી.ડી.સી. તરફથી માર્જીન મની યોજના હેઠળ મદદ અને સહકાર મળેલ છે.

બેંક ઓફ બરોડા, સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ગુજરાત રાજ્ય સહકારી બેંક લી., એ.ડી.સી. બેંક લી. તરફથી મળેલ સહકાર બદલ આભાર માનવામાં આવે છે.

ફેડરેશનની સભ્ય સંસ્થાઓ તરફથી વેપારી કામગીરીમાં જે સાથ સહકાર મળી રહેલ છે. તે બદલ સહકારી સંસ્થાઓના હોદ્દેદારો તથા કાર્યકરો અને કર્મચારીઓ પ્રત્યે આપણે ખાસ આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

નેશનલ કો. ઓપ. માર્કેટીંગ ફેડરેશન ઓફ ઈન્ડિયા લી. નાફેડ અમાદાવદ બ્રાન્ચ મેનેજર શ્રીનો, ભારત સરકારશ્રીની ભારત બ્રાન્ડ ચણાદાળ, ઘઉંનો લોટ, ચોખા વગેરે રાહત દરે ગ્રાહકો સુધી પહોંચાડવાના કાર્યમાં આપણી સંસ્થાને સહભાગી બનાવવા માટેની કામગીરી સોંપવા માટે તેઓનો વિશેષ આભાર વ્યક્ત કરીએ છીએ.

આર્મી પરચેઈઝ ઓર્ગેનાઈઝેશન ન્યુ દિલ્હી, તથા રાજ્યકક્ષાનાં અન્ય ફેડરેશનો તરફથી ફેડરેશનને વખતો વખત સહકાર મળતો રહે છે. તે બદલ આભારની લાગણી વ્યક્ત કરીએ છીએ.

અંતમાં ફેડરેશનનાં ઈન્ચાર્જ મેનેજીંગ ડિરેક્ટરશ્રી, પ્રદ્યુમનસિંહ ચૌહાણ તથા સર્વે કર્મચારીઓને ફેડરેશનનું કામ ગોઠવવામાં નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કર્યા છે. તે બદલ તેઓની નિષ્ઠાની અહિં નોંધ લઈએ છીએ.

સ્થળ : અમદાવાદ

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી,
**નિતીનકુમાર વાડીલાલ પટેલ**
ચેરમેનશ્રી

તારીખ : ૨૭-૦૫-૨૦૨૫

૪૦૬, સત્કાર, લાલ બંગલોની બાજુમાં, સી.જી. રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન : ૨૬૪૬૧૧૮૫, મો.: ૯૮૯૮૦૨૦૧૬૫

# આંતરિક ઓડીટરનો રિપોર્ટ

આ સાથે રજુ કરેલ ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ ગ્રેઈન ગ્રોઅર્સ ફેડરેશન લિમિટેડ, અમદાવાદનું તા. ૩૧-૩-૨૦૨૫ના રોજનું સરવૈયુ તથા તેજ તારીખે પૂરા થતાં વર્ષનું નફા નુકશાન ખાતુ અમોએ તપાસ્યુ છે અને અમે રીપોર્ટ કરીએ છીએ કે.

૧. ઓડીટ અંગે જરૂરી એવી સઘળી માહિતી અને ખુલાસાઓ અમોને પૂરા પાડવામાં આવ્યા છે.

૨. સદરહું સરવૈયુ અને નફા-નુકશાન ખાતું અમોને આપવામાં આવેલ માહિતી અને પુરા પાડવામાં આવેલા ખુલાસાઓ મુજબ બરાબર જણાય છે અને તે હિસાબો ફેડરેશનની આર્થિક પરિસ્થિતિનો સાચો ખ્યાલ રજુ કરે છે.

**એસ.આર. મપારા એન્ડ કું.**
**ચાર્ટડ એકાઉન્ટન્ટસ્**
**(આંતરિક ઓડીટર્સ)**

સ્થળ : અમદાવાદ
તા. ૦૯-૦૫-૨૦૨૫

## તારીખ ૩૧-૩-૨૦૨૫નાં રોજનું પાકુ સરવૈયું

| ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા | મૂડી તથા દેવા | રકમ રૂા. પૈસા | ૨૦૨૪-૨૦૨૫ રૂા. પૈસા |
|---|---|---|---|
| | **શેર ભંડોળ** | | |
| | **અધિકૃત શેર ભંડોળ** | | |
| ૫,૦૦,૦૦,૦૦૦.૦૦ | ૧,૦૦,૦૦૦ શેર દરેક રૂા. ૫૦૦/-નો | | ૫,૦૦,૦૦,૦૦૦.૦૦ |
| | **ભરપાઈ થયેલ શેર ભંડોળ :** | | |
| | **(અ) સામાન્ય શેર ભંડોળ** | | |
| ૭૨,૬૮,૫૦૦.૦૦ | ૧૪૬૨૫ શેર દરેક રૂા. ૫૦૦નો | ૭૩,૧૨,૫૦૦.૦૦ | |
| | (ચાલુ વર્ષના ૮૮ શેર) | | |
| ૪૫,૧૦૦.૦૦ | શેર એપ્લીકેશન મની | ૪૫,૧૦૦.૦૦ | |
| | **(બ) પસંદગીનું પરત કરી શકાય તેવું શેર ભંડોળ** | | |
| | (રાજ્ય સરકારશ્રીનો ફાળો) | | |
| ૪૪,૪૫,૦૦૦.૦૦ | ૮૮૯૦ શેર દરેક રૂા. ૫૦૦/-નો | ૪૪,૪૫,૦૦૦.૦૦ | |
| | | | ૧,૧૮,૦૨,૬૦૦.૦૦ |
| ૭૮,૭૨,૨૫૦.૪૮ | રિઝર્વ ફંડ તથા અન્ય ફંડ : | | ૭૮,૭૨,૩૭૫.૪૮ |
| | (આ સાથેના પરિશિષ્ટ ૧ મુજબ) | | |
| | **તારણ વગરની લોન :** | | |
| ૧,૧૫,૦૦,૦૦૦.૦૦ | ખેતી નિયામકશ્રીની ટુંકા ગાળાની લોન | ૧,૧૫,૦૦,૦૦૦.૦૦ | |
| ૯૦,૦૦,૨૦૮.૦૯ | રાજ્ય સરકારશ્રીની લોન | ૯૦,૦૦,૨૦૮.૦૯ | |
| ૨૧,૯૯,૮૨૩.૧૦ | ડિપોઝીટ (જવાબદારીઓ) | ૨૧,૯૯,૮૨૩.૧૦ | |
| | એ.ડી.સી. બેંક નો ઓ.ડી. એકાઉન્ટ | ૧૫૨.૦૦ | |
| | | | ૨,૨૭,૦૦,૧૮૩.૧૯ |
| ૪,૨૩,૩૦,૮૮૧.૬૭ | સરવાળો આગળ લઈ ગયા | | ૪,૨૩,૭૫,૧૫૮.૬૭ |

| ૨૦૨૩-૨૦૨૪ | | રકમ | ૨૦૨૪-૨૦૨૫ |
|---|---|---|---|
| રૂ. પૈસા | મિલ્કત તથા લેણાં | રૂ. પૈસા | રૂ. પૈસા |
| | **કાયમી મિલ્કતો :** | | |
| ૪૨,૭૧,૦૦૦.૩૭ | ગ્રોસ બ્લોક | ૪૨,૧૨,૦૦૨.૨૫ | |
| ૧,૦૨,૫૪૫.૦૦ | બાદ : ચાલુ વર્ષનો ઘસારો | ૯૬,૦૦૬.૦૦ | |
| ૪૧,૬૮,૪૫૫.૩૭ | નેટ બ્લોક (આ સાથેના પરિશિષ્ટ) (૨) મુજબ | | ૪૧,૧૫,૯૯૬.૨૫ |
| | **રોકાણ :** | | |
| ૫,૦૦૦.૦૦ | (૧) ગુજરાત સ્ટેટ કો. ઓ. બેંક લિ., ના શેર નંગ ૧ દરેક રૂા. ૫૦૦૦/-નો | ૫,૦૦૦.૦૦ | |
| ૧૦,૫૦,૦૦૦.૦૦ | (૨) નેશનલ કો. ઓ. માર્કે. ફેડ. ઓફ ઈન્ડિયા લિ. ના શેર નંગ ૪૨ દરેક રૂા. ૨૫,૦૦૦/-નો | ૧૦,૫૦,૦૦૦.૦૦ | |
| ૧,૦૦,૦૦૦.૦૦ | (૩) કૃષક ભારતી કો.ઓ.સો.લિ. નો શેર નંગ ૧ રૂા. ૧ લાખનો | ૧,૦૦,૦૦૦.૦૦ | |
| ૧૬,૨૮,૦૦૦.૦૦ | (૪) ઈન્ડિયન ફાર્મર્સ ફર્ટી. કો.ઓ.લિ. નો શેર નંગ ૧૬ ના રૂા. ૧ લાખનો | ૧૬,૨૮,૦૦૦.૦૦ | |
| ૭,૫૫૦.૦૦ | (૫) અમદાવાદ ડિસ્ટ્રીક્ટ કો.ઓપ.બેંક લિ. નો શેર નંગ ૧૫૧ના રૂા. ૫૦/- ના લેખે | ૭,૫૫૦.૦૦ | ૨૭,૯૦,૫૫૦.૦૦ |
| ૨,૦૦,૦૦૦.૦૦ | સીક્યોરીટી ડીપોઝીટ (RCF) | ૨,૦૦,૦૦૦.૦૦ | |
| ૩,૦૦,૦૦૦.૦૦ | ” ” (GNFC) | ૩,૦૦,૦૦૦.૦૦ | |
| ૧,૧૯૪.૦૦ | ટેલીફોન (BSNL) ઈન્ટરનેટ ડિપોઝીટ | ૧,૧૯૪.૦૦ | |
| ૧૧,૨૫૦.૦૦ | ટોરેન્ટ પાવર લી. ડિપોઝીટ | ૧૧,૨૫૦.૦૦ | |
| ૩,૦૦૦.૦૦ | G-S-1 | ૩,૦૦૦.૦૦ | |
| ૧,૦૦,૦૦૦.૦૦ | નાફેડ સિક્યોરીટી ડિપોઝીટા | | |
| ૧,૦૦,૦૦૦.૦૦ | IPL સિક્યોરીટી ડિપોઝીટ | ૧,૦૦,૦૦૦.૦૦ | ૬,૧૫,૪૪૪.૦૦ |
| | **ચાલુ મિલ્કતો :** | | |
| ૭,૩૦,૧૨,૫૦૧.૬૮ | વેચાણ અંગેનું લેણું | ૭,૦૦,૭૬,૩૩૭.૭૪ | |
| ૯,૮૦,૪૧૭.૧૭ | અન્ય લહેણા | ૯૨,૫૭૬.૫૨ | |
| ૧૩,૦૧,૨૫૨.૯૯ | આખર સ્ટોક (ખાતર) | ૧૩,૦૨,૩૦૧.૫૧ | ૭,૧૪,૭૧,૨૧૫.૭૭ |
| | **બેંકોના ચાલુ ખાતા તથા હાથ ઉપર રોકડ :** | | |
| ૨,૨૫,૬૮૯૪૩.૦૦ | એફ.ડી. ખાતુ | ૨,૩૭,૭૫,૨૩૬.૦૦ | |
| ૩૫.૬૮.૬૩૮.૨૫ | ચાલુ ખાતાનું બેલેન્સ | ૨૬,૫૮,૯૧૦.૧૭ | |
| ૨૬,૮૨૮.૦૦ | હાથ ઉપર રોકડ | ૧૧,૦૪૫.૦૦ | |
| | | | ૨,૬૪,૪૫૧,૯૧.૧૭ |
| ૧૦,૯૧,૩૩,૦૩૦.૪૬ | સરવાળો આગળ લઈ ગયા | | ૧૦,૫૪,૩૮,૩૯૭.૧૯ |

| ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા | મૂડી તથા દેવા | રકમ રૂા. પૈસા | ૨૦૨૪-૨૦૨૫ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૪,૨૩,૩૦,૮૮૧.૬૭ | સરવાળો આગળ લાવ્યા | | ૪,૨૩,૭૫,૧૫૮.૬૭ |
| | **ચાલુ જવાબદારી અને જોગવાઈઓ :** | | |
| | **ચાલુ જવાબદારીઓ :** | | |
| ૫,૪૬,૮૧,૬૪૪.૫૭ | ખરીદી પેટે દેવા | ૪,૯૪,૩૭,૦૬૪.૯૫ | |
| ૧,૬૦,૯૧,૮૪૯.૧૬ | ખર્ચ પેટે દેવા | ૧,૪૬,૧૫,૮૬૭.૪૮ | |
| ૨,૦૫,૭૩,૯૭૩.૦૦ | ફર્ટીલાઈઝર સિક્યોરીટી ડિપોઝીટ | ૨,૧૪,૨૮,૯૭૩.૦૦ | ૮,૫૪,૮૧,૯૦૫.૪૩ |
| ૧૩,૩૬,૭૮,૩૪૮.૪૦ | કુલ સરવાળો | | ૧૨,૭૮,૫૭,૦૬૪.૧૦ |

| | | |
|---|---|---|
| **અમદાવાદ** | **પ્રદ્યુમનસિંહ ચૌહાણ** | **એસ.આર. મપારા એન્ડ કું.** |
| **તા. ૨૭-૦૫-૨૦૨૫** | મેનેજીંગ ડિરેક્ટર (ઈન્ચાર્જ) | ચાર્ટડ એકાઉન્ટન્ટસ્ |
| | | (આંતરિક ઓડિટર્સ) |

## તારીખ ૩૧-૩-૨૦૨૫નાં રોજનું પાકું સરવૈયું

| ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા | મિલ્કત તથા લેણાં | રકમ રૂા. પૈસા | ૨૦૨૪-૨૦૨૫ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૧૦,૯૧,૩૩,૦૩૦.૪૬ | સરવાળો આગળ લાવ્યા | | ૧૦,૫૪,૩૮,૩૯૭.૧૯ |
| | નફા નુકશાન ખાતુ | | |
| ૨,૭૩,૬૯,૯૭૮.૩૧ | ગઈ સાલની બાકી આગળ લાવ્યા | ૨,૪૫,૪૫,૩૧૭.૯૪ | |
| (-) ૨૮,૨૪,૬૬૦.૩૭ | ચાલુ વર્ષનો નફો બાદ કરો | (–) ૨૧,૨૬,૬૫૧.૦૩ | |
| ૨,૪૫,૪૫,૩૧૭.૯૪ | | | ૨,૨૪,૧૮,૬૬૬.૯૧ |
| ૧૩,૩૬,૭૮,૩૪૮.૪૦ | કુલ સરવાળો | | ૧૨,૭૮,૫૭,૦૬૪.૧૦ |

| | | |
|---|---|---|
| **નિતીનકુમાર વાડીલાલ પટેલ** | **પંકજભાઈ નરસિંહભાઈ પટેલ** | **પ્રદ્યુમનસિંહ ચૌહાણ** |
| ચેરમેન | વાઈસ ચેરમેન | મેનેજીંગ ડિરેક્ટર (ઈન્ચાર્જ) |

## તારીખ ૩૧-૩-૨૦૨૫નાં રોજ પુરા થયેલા વર્ષનું વેપાર અને નફા-નુકશાન ખાતું

જમા

| ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા | વિગત | રકમ રૂા. પૈસા | ૨૦૨૪-૨૦૨૫ રૂા. પૈસા |
|---|---|---|---|
| | **વેચાણ :** | | |
| ૪૧,૭૦,૮૫,૨૭૮.૪૬ | ખાતર | ૩૫,૪૮,૪૧,૫૧૮.૨૪ | |
| ૧,૩૩,૨૩,૮૬૨.૪૮ | માર્કેટીંગ | ૪૦,૮૪,૭૮૯.૦૦ | |
| ૪૩,૦૪,૦૯,૧૪૦.૯૪ | આખર માલ સ્ટોક | ૧૩,૦૨,૩૦૧.૫૧ | |
| ૧૩,૦૧,૨૫૨.૯૯ | ફર્ટીલાઈઝર (રીબેટ) | | |
| ૪૩,૧૭,૧૦,૩૯૩.૯૩ | | | ૩૬,૦૨,૨૮,૬૦૯.૬૫ |
| ૧,૦૯,૫૬,૮૪૪.૯૫ | ગ્રોસ નફો આગળ લાવ્યા | | ૮૮,૪૪,૦૨૦.૧૨ |
| ૧૫,૪૦,૦૫૪.૦૦ | મળેલ વ્યાજ | | ૧૭,૦૪,૨૧૨.૦૦ |
| ૭,૩૩૪.૬૪ | અન્ય આવક | | ૭૬,૬૮૯.૭૭ |
| ૪,૯૧,૯૩૨.૦૦ | ડિવિડન્ડ | | ૫,૦૩,૮૫૦.૦૦ |
| - | ડિસ્કાઉન્ટ (ફર્ટીલાઈઝર) / રાઉન્ડ ઓફ | | ૩,૭૪,૦૯૮.૦૦ |
| ૧,૨૯,૯૬,૧૬૫.૫૯ | સરવાળો આગળ લઈ ગયા | | ૧,૧૫,૦૨,૮૬૯.૮૯ |

| ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા | વિગત | રકમ રૂા. પૈસા | ૨૦૨૪-૨૦૨૫ રૂા. પૈસા |
|---|---|---|---|
| | **તા. ૧-૪-૨૦૨૪ના રોજનો** | | |
| **૧૮,૪૩,૫૪૨.૬૫** | **ઉઘડતો સ્ટોક** | | **૧૩,૦૧,૨૫૨.૯૯** |
| | ખાતર | | |
| ૧,૨૦,૫૦,૪૬૭.૯૪ | **ખરીદી - માર્કેટીંગ** | **૩૮,૩૯,૦૮૩.૭૮** | |
| ૪૦,૬૮,૫૯,૫૩૮.૩૯ | ખાતર | ૩૪,૬૨,૪૪,૨૫૨.૭૬ | ૩૫,૦૦,૮૩,૩૩૬.૫૪ |
| ૧,૦૯,૫૬,૮૪૪.૯૫ | કાચો-નફો, નફા નુકશાન ખાતે ટ્રાન્સફર કરતા | | ૮૮,૪૪,૦૨૦.૧૨ |
| ૪૩,૧૭,૧૦,૩૯૩.૯૩ | | | ૩૬,૦૨,૨૮,૬૦૯.૬૫ |
| ૩,૭૬,૪૪૪.૦૦ | પગાર ખર્ચ | ૧,૨૭,૩૨૪.૦૦ | |
| ૩૧,૩૨૭.૦૦ | લીવ એન્કેશમેન્ટ | ૪૯,૭૬૬.૦૦ | |
| ૫૦,૫૨૯.૦૦ | પ્રોવિડન્ડ ફંડ/ફેમીલી પ્રો. ફંડ | ૧૬,૮૬૪.૦૦ | |
| - | ગ્રેચ્યુઈટી | ૧,૫૪,૯૪૪.૦૦ | ૩,૪૮,૮૯૮.૦૦ |
| ૬૫૨૦.૦૦ | વીમા પ્રિમીયમ | ૭,૧૬૮.૦૦ | |
| ૮૫૪૦.૦૦ | લવાજમ/બુક્સ પિરીયોડીકલ્સ | ૩,૫૪૬.૦૦ | |
| ૧,૨૩,૬૭૧.૫૦ | સ્ટેશનરી પ્રિન્ટીંગ ખર્ચ | ૧,૧૫,૫૪૧.૬૪ | ૧,૨૬,૨૫૫.૬૪ |
| ૫,૯૭,૦૩૧.૫૦ | સરવાળો આગળ લઈ ગયા | | ૪,૭૫,૧૫૩.૬૪ |

જમા

| ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા | વિગત | ૨૦૨૪-૨૦૨૫ રૂા. પૈસા |
|---|---|---|
| ૧,૨૯,૯૬,૧૬૫.૫૯ | સરવાળો આગળ લાવ્યા | ૧,૧૫,૦૨,૮૬૯.૮૯ |
| ૧,૨૯,૯૬,૧૬૫.૫૯ | સરવાળો આગળ લઈ ગયા | ૧,૧૫,૦૨,૮૬૯.૮૯ |

ઉધાર

| ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા | વિગત | રકમ રૂા. પૈસા | ૨૦૨૪-૨૦૨૫ રૂા. પૈસા |
|---|---|---|---|
| ૫,૯૭,૦૩૧.૫૦ | સરવાળો આગળ લાવ્યા | | ૪,૭૫,૧૫૩.૬૪ |
| | **તાર - ટપાલ - ટેલીફોન ખર્ચ** | | |
| ૫૪,૭૭૫.૪૭ | પોસ્ટેજ ખર્ચ | ૬૨,૭૦૮.૧૮ | |
| ૩૬,૫૮૦.૦૦ | ટેલીફોન ખર્ચ | ૨૭,૮૫૫.૦૦ | |
| ૨૫,૦૦૦.૦૦ | ઓડીટ (સ્ટેચ્યુટરી) | ૮૭,૧૭૭.૦૦ | |
| | | | ૧,૭૭,૭૪૦.૧૮ |
| | **વકીલ ફી, લીગલ ખર્ચ, પ્રોફેશનલ ચાર્જીસ :** | | |
| ૨૯,૩૪૦.૦૦ | લીગલ ખર્ચ | ૨૩,૩૬૦.૦૦ | |
| ૧૬,૯૦,૬૪૫.૦૦ | કન્સલ્ટન્સી ચાર્જીસ | ૨૧,૪૪,૭૦૮.૦૦ | |
| | | | ૨૧,૬૮,૦૬૮.૦૦ |
| | **રીપેર્સ એન્ડ મેઈન્ટેનન્સ :** | | |
| ૫૨,૦૨૦.૦૦ | વાહન નિભાવ | ૭૯,૮૪૩.૭૬ | |
| ૬૩,૫૮૦.૦૦ | રીપેર્સ એન્ડ મેઈન્ટેનન્સ ખર્ચ | ૪૬૦૦.૦૦ | |
| | | | ૮૪,૪૪૩.૭૬ |
| | **સ્ટાફ મુસાફરી અને કન્વેયન્સ ખર્ચ :** | | |
| ૧૨,૩૯૮.૦૦ | સ્ટાફ મુસાફરી ખર્ચ | ૧૧,૧૪૯.૦૦ | |
| ૧૪,૩૧૭.૦૦ | કન્વેયન્સ ખર્ચ | ૧૦,૪૯૦.૦૦ | |
| ૧૪,૪૦૦.૦૦ | કન્વેયન્સ એલાઉન્સ | ૧૪,૪૦૦.૦૦ | |
| | | | ૩૬,૦૩૯.૦૦ |
| ૨૫,૦૦૦.૦૦ | આંતરિક ઓડીટ ફી | ૨૫,૦૦૦.૦૦ | — |
| ૩૮,૧૫૦.૦૦ | વીજળી ખર્ચ | ૪૨,૦૪૦.૦૦ | — |
| | | | ૬૭,૦૪૦.૦૦ |
| ૨૬,૫૩,૨૩૬.૯૭ | સરવાળો આગળ લઈ ગયા | | ૩૦,૦૮,૪૮૪.૫૮ |

જમા

| ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા | વિગત | ૨૦૨૪-૨૦૨૫ રૂા. પૈસા |
|---|---|---|
| ૧,૨૯,૯૬,૧૬૫.૫૯ | સરવાળો આગળ લાવ્યા | ૧,૧૫,૦૨,૮૬૯.૮૯ |
| ૧,૨૯,૯૬,૧૬૫.૫૯ | કુલ સરવાળો | ૧,૧૫,૦૨,૮૬૯.૮૯ |

**અમદાવાદ**
**તા. ૨૭-૦૫-૨૦૨૫**

**પ્રદ્યુમનસિંહ ચૌહાણ**
મેનેજીંગ ડિરેક્ટર (ઈન્ચાર્જ)

**એસ.આર. મપારા એન્ડ કું.**
ચાર્ટડ એકાઉન્ટન્ટસ્
(આંતરિક ઓડિટર્સ)

ઉધાર

| ૨૦૨૩-૨૦૨૪ રૂા. પૈસા | વિગત | ૨૦૨૪-૨૦૨૫ રૂા. પૈસા |
|---|---|---|
| ૨૬,૫૩,૨૩૬.૯૭ | સરવાળો આગળ લાવ્યા | ૩૦,૦૮,૪૮૪.૫૮ |
| ૩,૮૨,૨૩૭.૬૫ | ઓફીસ ખર્ચ | ૩,૯૪,૯૮૨.૯૩ |
| ૧,૫૮,૯૭૫.૦૦ | વા.સા. સભા ખર્ચ | ૭૮,૧૦૦.૦૦ |
| ૧૧,૫૦,૪૬૬.૦૦ | ઈન્કમટેક્ષ ખર્ચ | ૬,૪૬,૯૬૯.૦૦ |
| ૧,૩૨૦.૦૦ | લાઈસન્સ ફી | ૨૪,૩૦૦.૦૦ |
| ૨૦,૦૮૫.૬૦ | બેંક કમીશન ખર્ચ / ટીડીએસ / લેટ ફી | ૩૦,૧૧૧.૩૯ |
| ૨,૧૬,૧૦૦.૦૦ | ડિરેક્ટર્સ ભાડા ભથ્થા ખર્ચ | ૨,૨૮,૧૫૦.૦૦ |
| ૫૮,૦૯૩.૦૦ | રેટસ્ એન્ડ ટેક્સીસ | ૫૯,૨૧૧.૦૦ |
| ૧,૦૧,૫૪૫.૦૦ | ઘસારા ખર્ચ | ૯૨,૭૩૫.૦૦ |
| ૧,૬૭,૮૫૯.૦૦ | સ્ટાફ બોનસ | ૧,૭૭,૬૮૯.૦૦ |
| ૪૩,૮૯,૦૩૮.૦૦ | ડેપો જાળવણી ખર્ચ | ૪૨,૬૫,૫૬૨.૦૦ |
| ૪૧,૬૪૩.૦૦ | હોસ્પિટાલીટી ખર્ચ | - |
| ૧૦,૫૦૦.૦૦ | ગોડાઉન ખર્ચ | - |
| ૨,૪૦૦.૦૦ | પ્રોફેશન ટેક્ષ (કંપની) | ૧૦૦૦.૦૦ |
| - | વ્યાજ ખર્ચ | ૬૩,૮૯૩.૦૦ |
| ૧,૦૭,૧૪૮.૦૦ | ગીફ્ટ એન્ડ પ્રેઝન્ટેશન | ૧,૯૨,૭૧૯.૯૬ |
| ૧,૯૫૫.૦૦ | સોફ્ટવેર ખર્ચ | ૧૨,૭૫૦.૦૦ |
| | વેબ સાઈટ ખર્ચ | ૨૫,૦૦૦.૦૦ |
| ૧૮,૫૩૦.૦૦ | લોડીંગ/અનલોડીંગ | ૫૮,૮૯૦.૦૦ |
| | ઈલેકશન ખર્ચ | ૬૯૦૦.૦૦ |
| ૫,૬૯,૭૨૩.૦૦ | રેટ ડીફરન્સ / કેશ ડીસ્કાઉન્ટ | |
| ૫,૦૦.૦૦ | રજીસ્ટ્રેશન | ૫૫૦૦.૦૦ |
| ૧,૨૦,૧૫૦.૦૦ | ટ્રાન્સપોર્ટ | |
| | લોન ઓન સેલ ઓફ ફીક્સડ એસેટ | ૩,૨૭૧.૦૦ |
| ૨૮,૨૪,૬૬૦.૩૭ | ચોખ્ખો નફો પાકા સરવૈયામાં લઈ જતા | ૨૧,૨૬,૬૫૧.૦૩ |
| ૧,૨૯,૯૬,૧૬૫.૫૯ | | ૧,૧૫,૦૨,૮૬૯.૮૯ |

**નિતીનકુમાર વાડીલાલ પટેલ**
ચેરમેન

**પંકજભાઈ નરસિંહભાઈ પટેલ**
વાઈસ ચેરમેન

**પ્રદ્યુમનસિંહ ચૌહાણ**
મેનેજીંગ ડિરેક્ટર (ઈન્ચાર્જ)

## "પરિશિષ્ટ - ૧"

## તા. ૩૧-૩-૨૦૨૫નાં રોજ સરવૈયામાં દર્શાવેલ રિઝર્વ ફંડ તથા અન્ય ફંડ

| અનું. નં. | વિગત | રૂ. પૈસા | ૨૦૨૪-૨૦૨૫ રૂ. પૈસા |
|---|---|---|---|
| ૧. | રિઝર્વ ફંડ | | |
| | ગઈ સાલની બાકી | ૯,૪૩,૫૦૨.૦૦ | |
| | ઉમેરો : પ્રવેશ ફી | ૧૨૫.૦૦ | |
| | | | ૯,૪૩,૬૨૭.૨૦ |
| ૨. | કેપીટલ રિડમ્પશન ફંડ | | ૯૧,૩૨૪.૨૦ |
| ૩. | શિક્ષણ ફંડ | | ૨૧,૨૪૫.૮૬ |
| ૪. | બિલ્ડીંગ રિઝર્વ ફંડ | | ૧,૦૪,૧૫૯.૦૨ |
| ૫. | સ્ટાફ વેલ્ફેર ફંડ | | ૫,૭૯૬.૦૨ |
| ૬. | કેપીટલ સ્ટેબિલાઈઝેશન ફંડ | | ૪૧,૦૯૫.૮૯ |
| ૭. | શકમંદ લેણા ફંડ | | ૩૨,૬૭,૧૪૧.૨૯ |
| ૮. | બિલ્ડીંગ રીવેલ્યુએશન રીઝર્વ ફંડ | | ૩૩,૯૭,૯૮૬.૦૦ |
| | | કુલ | ૭૮,૭૨,૩૭૫.૪૮ |

''પરિશિષ્ટ - ૨''

તા. ૩૧-૩-૨૦૨૫નાં રોજ સરવૈયામાં દર્શાવેલ કાયમી મિલ્કતોનું પત્રક

| અનું નં. | વિગત | મકાન રૂા. પેસા | ફર્નિચર-ફિક્ચર્સ રૂા. પેસા | ઓફિસ ઈક્વીપમેન્ટ રૂા. પેસા | વાહન રૂા. પેસા | કોમ્પ્યુટર રૂા. પેસા | ટોટલ રૂા. પેસા |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ૧-૪-૨૦૨૪નો બ્લોક | ૩૪,૫૨,૪૦૦.૦૦ | ૩,૮૪,૨૪૯.૨૦ | ૧,૬૩,૭૩૭.૧૩ | ૧,૫૮,૨૮૯.૦૧ | ૯,૭૮૦.૦૩ | ૪૧,૬૮,૪૫૫.૩૭ |
| ૨. | ચાલુ વર્ષ :- ઉમેરો બાદ | — | — | ૨૮,૦૪૬.૮૮ | — | ૧૫,૫૦૦.૦૦ | ૪૩,૫૪૬.૮૮ |
| ૩. | ૩૧-૩-૨૦૨૫નો ગ્રોસ બ્લોક | ૩૪,૫૨,૪૦૦.૦૦ | ૩,૮૪,૨૪૯.૨૦ | ૧,૯૧,૭૮૪.૦૧ | ૧,૫૮,૨૮૯.૦૧ | ૨૫,૨૮૦.૦૩ | ૪૨,૧૨,૦૦૨.૨૫ |
| ૪. | ચાલુ વર્ષનો ઘસારો | — | ૩૮,૪૨૫.૦૦ | ૨૮,૭૬૮.૦૦ | ૨૩,૭૪૩.૦૦ | ૫,૦૭૦.૦૦ | ૯૬,૦૦૬.૦૦ |
| ૫. | ૩૧-૩-૨૦૨૫નો ચોખ્ખો બ્લોક | ૩૪,૫૨,૪૦૦.૦૦ | ૩,૪૫,૮૨૪.૦૦ | ૧,૬૩,૦૧૬.૦૧ | ૧,૩૪,૫૪૬.૦૧ | ૨૦,૨૧૦.૦૩ | ૪૧,૧૫,૯૯૬.૨૫ |

# વર્ષ ૨૦૨૫-૨૦૨૬ નું અંદાજપત્રક

| અનું. નં. | વિગત | જથ્થો (મે.ટનમાં) |
|---|---|---|
| (૧) | ડાંગર-અનાજ-કઠોળ | ૨૫,૦૦૦.૦૦ |
| (૨) | અન્ય | ૫,૦૦૦.૦૦ |
| (૩) | રાસાયણિક ખાતર | ૬૦,૦૦૦.૦૦ |
| | કુલ | ૯૦,૦૦૦.૦૦ |